# ગાંધીજીના અસ્પૃશ્યતા નિવારણના વિચારો

ઘનશ્યામ આર. દેસાઈ
પીએચ.ડી. વિદ્યાર્થી, ગુજરાત યુનિવર્સિટી

*૨જી ઓક્ટોબર, ૧૮૬૯માં પોરબંદરમાં જન્મેલ મોહનદાસ કરમચંદ ગાંધી દેશને આઝાદી અપાવવાની સાથે સમાજ સુધારણા કરવા માંગતા હતાં. તેઓ "Bottom To Top"માં સમાજ સુધારણા કરવા માંગતા હતા. તે માટે તેમણે અઢારવિધ રચનાત્મક કાર્યક્રમ આપ્યો હતો. તેમાંથી આપણે અહીં અસ્પૃશ્યતા નિવારણની ચર્ચા કરવાની છે.*

**૧. અસ્પૃશ્યતા નિવારણ**

*હિન્દુસ્તાનમાં જ્ઞાતિ વ્યવસ્થા એ હિંદુ સમાજની ક્ષતિ હતી. તો એમાંથી નીપજતું અસ્પૃશ્યતાનું દુષ્પરિણામ સમાજ માટે મહાન કલંકરૂપ હતું. એમણે જોયું કે દેશમાં સર્વત્ર લોકો હરિજનોથી જ નહીં પણ એમના પડછાયાથી પણ ભાગતા હતા. એમને માટે પતિતપાવન ભગવાનના મંદિરના દરવાજા બંધ હતા, ગામના કૂવાનું પાણી અપ્રાપ્ય હતું. એમને અડવું એ મહાપાપ મનાતું અને એને ધોવા માટે વ્હેતા પાણીમાં નહાવું જરૂરી મનાતું. એમની સાથેના આ અન્યાયી અને અમાનુષી વર્તનથી ગાંધીજીનું દિલ કકળી ઊઠયું. એક વખત તો આ વર્તનથી તેઓ એટલા અકળાઈ ગયા કે એમના મોંમાથી સહજ ઉદ્ગાર સરી પડયો કે "હે ભગવાન ! જો આ જ હિંદુ ધર્મ હોય તો મારી પ્રાર્થના એ છે કે એનો જલદીમાં જલદી નાશ થાય." શુદ્રો પ્રત્યે ગાંધીજીને સહાનુભૂતિ હતી. એટલું જ નહીં પણ એઓ એમની સાથે તાદાત્મય સાધવા ઈચ્છતા હતા. આથી જ એમણે એક વખત કહ્યું હતું કે "ફરી જન્મ લેવાની મારી ઈચ્છા નથી, પણ જો મારે જન્મ લેવો જ પડે તો અસ્પૃશ્ય તરીકે લેવો જોઈએ. જેથી હું એમના દુ:ખો મુશ્કેલીઓ અને એમને સહન કરવા પડતા અપમાનમાં એમનો સહભાગી બની શકું અને મારી જાતને તથા એમને એ દયનીય દશામાંથી મુક્ત કરી શકું. એથી હું પ્રાર્થના કરું છે કે મારે ફરી જન્મ લેવો પડે તો હું બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્ર તરીકે નહીં પણ અતિશુદ્ર તરીકે લઉં."*

*ગાંધીજી નાનપણથી જ માનતા કે અસ્પૃશ્યતા માટે શાસ્ત્રમાં કોઈ પ્રમાણ નથી. એથી એની સામે વિરોધ નોંધાવેલો. આ વિરોધ દિવસે દિવસે વધુ પ્રબળ બનતો ગયો. આ કુરિવાજ સામે ભગવાન, બુદ્ધ, મહાવરી, કબીર, નાનક તથા રામકૃષ્ણ મિશન જેવી સંસ્થાઓનો પણ એનો વિરોધ કર્યો હતો. ગાંધીજીએ આ વિરોધને ક્રાંતિકારી આંદોલનનું સ્વરૂપ આપ્યું. એને માટે પોતાની જાતને હોડમાં મૂકી, સનાતની હિંદુઓને ચેતવીને એને હરિજનોએ સંગઠિત કરી એમના આંદોલનો યોજીને – અસ્પૃશ્યતાનું મૂળ ગાંધીજી ગંદકીમાં જોતાં જગતભરમાં અસ્વચ્છતાનો વિરોધ થાય છે અને ગંદો માણસ કે ગંદી વસ્તુ અસ્પૃશ્ય ગણવામાં આવે છે. પણ જેવી અસ્વચ્છતા દૂર થાય એવો જ અસ્પૃશ્યતાનો અંત આવે છે. સફાઈનું કામ કરતી વ્યક્તિ વેતન પર કામ કરતો ભંગી હોય કે વ્હાલથી કામ કરતી માતા હોય, એ કામ કરે ત્યાં સુધી તેઓ ગંદા કે અસ્પૃશ્ય હોય પણ જેવા એ ચોખ્ખા થાય કે તરત જ અસ્પૃશ્ય મટી સ્પૃશ્ય બની જાય. એટલે કે કોઈપણ વર્ણને સદા સર્વદા અસ્પૃશ્ય ગણવો એ એમને મન અધ:પતનની હદ હતી.*

*અસ્પૃશ્યતા માટે લડાઈ ગાંધીજી માટે માનવીના અંતરમાં રહેલી મલિનતા સામેની લડાઈ હતી. જો હિન્દુસ્તાન આ દિશામાં પહેલ કરી અસ્પૃશ્યતાના અનિષ્ટને નાબૂદ કરે તો દક્ષિણ આફ્રિકા જેવા બીજા દેશોમાં જ્યાં રંગભેદ અથવા બીજા કોઈ પણ પ્રકારનો આભડછેટ પ્રવર્તતો હોય ત્યાં એ દૂર થવાની શક્યતા વધે. આ રીતે અનેક દલીલો દ્વારા ગાંધીજી લોકોને અને ખાસ*

કરીને સનાતની હિંદુઓને પ્રાયશ્ચિત કરવા સમજાવતા સાથે સાથે એમણે હરિજનો પોતે એમના હક માટે સંગઠિત થાય એટલા માટે હરિજન સેવક સંઘની સ્થાપના કરી.

૧૯૩૨માં કોમી ચુકાદાની અછૂતા માટેની અલગ મતવિસ્તારોની સૂચના વિરુદ્ધ એમણે આમરણ ઉપવાસ આદર્યા. અસ્પૃશ્યોને હરિજનનું બિરુદ આપ્યું. પોતાની પત્રિકાઓને "હરિજન" અને "હરિજનબંધુ"નું નામ આપ્યું. આ પ્રશ્નો અંગે લોકોમાં જાગૃતિ લાવવા અથાક યાત્રા કરી, હરિજનોને મંદિરમાં પ્રવેશ મળે એટલા માટે વાયકોમમાં સત્યાગ્રહ કર્યો.

ગાંધીજીના પ્રયત્નોથી કોંગ્રેસે પણ અસ્પૃશ્યતા નિવારણનો કાર્યક્રમમાં અપનાવ્યો. એમના કાર્યક્રમમાં જે શાળાઓમાં હરિજનોને પ્રવેશ ન મળે એનો બહિષ્કાર કરવાનો, જે મંદિરોમાં એમને જવા દેવામાં ન આવે. એમાં ન જવાનો અને શક્ય હોય ત્યાં એમને પ્રવેશ મળે એવા નવા મંદિરો ખોલવાનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

ગાંધીજીની ઈચ્છા વર્ણવ્યવસ્થાનું એ રીતે રૂપાંતર કરવાની હતી કે જેમાં અસ્પૃશ્યતાને લેશમાત્ર પણ સ્થાન ન હોય. જેમાં જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓ નાબૂદ થઈ હોય એ ચાતુર્વણ પર જ આધારિત હોય અને ઊંચ-નીચના ભેદભાવથી પર હોય. ગાંધીજીના વર્ણવ્યવસ્થા અંગેના વિચારોની અનેક દૃષ્ટિએ આલોચના થાય છે ગાંધીજી માને છે એમ વર્ણવ્યવસઅથા આર્થિક સહકાર પર રચાયેલી વ્યવસ્થા નથી. કારણ એમાં પણ સ્પર્ધા તો હતી જ. વળી, ગાંધીજી માને છે. એમ વર્ણવ્યવસ્થા નથી. કારણ એમાં પણ સ્પર્ધા તો હતી જ. વળી, ગાંધીજી માને છે એમ વર્ણ વ્યવસ્થા જન્મ પર આધારિત હોય તો એમાંથી સમસમાજની સ્થાપના અસંભવ નહીં હોય તોય મુશ્કેલ તો છે જ.

આંબેડકર માને છે કે ગાંધીજીએ સૂચવેલા સુધારાથી વર્ણવ્યવસ્થાનું માળખું બદલાવાનું નથી અને હરિજનો પરના અત્યાચારો ઓછા થવાના નથી. એથી તેઓ ગાંધીજીને સુધારક નહીં પણ પ્રતિક્રિયાવાદી જ માને છે. એજ પ્રમાણે ઘણા સમાજશાસ્ત્રીઓનું માનવું છે "ગાંધીજી સમસમાજનું સમર્થન કરતા હોય તો પણ એઓ ભવિષ્ય નહીં પણ ભૂતકાળ તરફ મીટ માંડી એને પુનઃસ્થાપિત કરવાનો પ્રયત્ન કરે છે." ઘણાને મતે રોગમાં મૂળમાં ઘા કરી વર્ણવ્યવસ્થાને નાબૂદ કરવાને બદલે એમાં થાગડથીગડ કરીને એને જીવંત રાખી, સ્વસ્થ બનાવવાના ગાંધીજીના પ્રયત્નો અવ્યવહાર્ય છે.

આ ઉપરાંત, સમય સાથે આવેલા અનેક પરિવર્તનોને લીધે પ્રાચીન સમયમાં હતું એમ ફક્ત ચાર જ વર્ણો પર સમાજ વ્યવસ્થા કાયમ કરવાનું શક્ય નથી. એ વાત પ્રત્યે ગાંધીજી દુર્લક્ષ કરે છે. માર્ક્સે કહ્યું છે એમ ઔદ્યોગિકરણને લીધે બાપીકા વ્યવસાય પર આધાર રાખતી પ્રાચીન ભારતીય વર્ણવ્યવસ્થા અને એમાં થયેલું શ્રમવિભાજન આજના યુગ માટે અનુકૂળ ન બની શકે.

વર્ણવ્યવસ્થાના એમના વિચારોમાંથી ગાંધીજી પર ગીતાની અસર વર્તાય છે. દરેક વ્યક્તિ અને દરેક વર્ણ પોતાના ધર્મ પાલન કરે તો સમાજ સુચારુ રીતે ચાલે એ ગીતાનો પ્રધાન સુર છે. એ પ્રમાણે ગાંધીજી પણ માને છે કે જેમ વ્યક્તિગત જીવનમાં એજ સમાજ વ્યવસ્થામાં પણ સ્વધર્મના પાલન પર ભાર મૂકાય એ જરૂરી છે. એમણે અનેક વખત કહ્યું હતું કે વર્ણો અધિકાર નહીં પણ કર્તવ્ય પર આધારિત હોવા જોઈએ. એમનો આશય આધ્યાત્મિકતાને આધારે લોકોમાં મૂલ્ય પરિવર્તન કરી જીવનનું સ્તર ઊંચું લાવવાનો હતો. વર્ણવ્યવસ્થા નાબૂદ કર્યા સિવાય અસ્પૃશ્યતા નાબૂદ થાય કે નહીં એ વિચારવા જેવો પ્રશ્ન છે. ગાંધીજીએ એમ કરવાનું વિચાર્યું એનું કારણ એ હોઈ શકે કે ભૂતકાળને ભૂંસી નાંખવાનું અથવા બધી જ પરંપરાઓનું ખંડન કરવાનું એમને યોગ્ય ન લાગતું. ગાંધીજીએ ભારત જેવા એક સમૃદ્ધ સંસ્કૃતિ ધરાવતા અને પરંપરાઓ પર આધાર રાખતા દેશની પ્રજાને સ્વાતંત્ર્ય સંગ્રામ માટે તૈયાર કરવાની હતી.

*આ માટે સમાજના બધા વર્ગોને સાથે લઈ એમની સંમતિ અને સહમતિથી આગળ ચાલવાનું હતું. એટલે કદાચ એમણે વર્ણવ્યવસ્થાના પ્રાચીન માળખાને કાયમ રાખી એમાં શક્ય એટલા સુધારા કરવાનું ઉચિત ધાર્યું હોય. આમ વર્ણવ્યવસ્થાની પુરાણી કલ્પનામાં નવો અર્થ ભરી અથવા તો કલ્પનાનો મૂળભૂત વિચાર ધ્યાનમાં રાખી ગાંધીજીએ એનો સ્વીકાર કર્યો.*

*શરૂઆતમાં કદાચ ગાંધીજીએ વર્ણવ્યવસ્થાનો બચાવ વધુ જોરપૂર્વક કર્યો હતો પણ પાછળથી એમણે એનાં બધા દૂષણો પ્રત્યે ધ્યાન દોરી એનો પ્રબળ વિરોધ કર્યો અને જરૂર પડે તો બધા બંધન તોડીને પણ હરિજનોને સર્વ હક આપી સમાજમાં સન્માનભર્યું સ્થાન આપવાની હાકલ કરી. જોન બોડુરંટ કહે છે એમ ગાંધીજી પરંપરાને વળગી રહ્યાં પણ એને વળગી રહેવા માટે નહીં પણ એને પરિવર્તિત કરવા માટે.*

*ગાંધીજી માટે અસ્પૃશ્યતા નિવારણ અથવા વર્ણવ્યવસ્થાનું તાર્કિક પુનર્ગઠન એ માત્ર સમાજ સુધારાનું સાધન નહોતું. અસ્પૃશ્યતા નિવારણના આંદોલનને ઘણું વ્યાપક સ્વરૂપ આપી તેઓ કેવળ હિંદુ સમાજની કે ભારતની જ નહીં પણ સમસ્ત વિશ્વની એકતા માટે પ્રયાસ કરવા ઈચ્છતા હતા. આ ભાવનાને વ્યક્ત કરતાં તેમણે એક વખત કહ્યું હતું કે "અસ્પૃશ્યતા નિવારણનું મહત્વ ઘણું છે. હિંદુઓમાંથી ઊંચ-નીચનો ભેદ દૂર થવો જોઈએ અને ન્યાતમાંથી જન્મતી બિરાદરીનું સ્થાન રાષ્ટ્રીય એકતાએ લેવું જોઈએ. એમની ઈચ્છા ફક્ત હિંદુઓમાં જ નહીં માનવ-માનવ વચ્ચે પછી એ હિંદુ હોય કે મુસલમાન કે ઈસાઈ કે પારસી કે જ્યાં-બધા વચ્ચે ભાતૃભાવ સ્થાપિત કરવાની હતી."*

**સંદર્ભસૂચિ**


૧. ગાંધી, મોહનદાસ. ક.(૨૦૦૪). રચનાત્મક કાર્યક્રમ તેનું રહસ્ય અને સ્થાન, અમદાવાદ.
૨. મહેતા, ઉષા ગાંધીજ આદર્શો અને વિચારોનું ઘડતર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
૩. શાહ, દશરથલાલ, રચનાત્મક કાર્યક્રમો આજના સંદર્ભમાં, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪.
૪. શાહ, અંજના બી., સમાજ સુધારણામાં ગાંધીજીનું પ્રદાન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
૫. ગાંધી, મોહનદાસ, (૨૦૧૨). આત્મકથા (સત્યના પ્રયોગો), નવજીવન, અમદાવાદ, પુનમુદ્રણ